# એક આદિવાસી ગામની અર્થવ્યવસ્થા


| અહેવાલ લેખન | નિર્દેશન | ક્ષેત્રકાર્ય | કોષ્ટકીકરણ |
| --- | --- | --- | --- |
| **વિમલ શાહ** | વિમલ શાહ | રાસ બિહારી લાલ | ગૌરીશંકર પંડ્યા |
| **રાસ બિહારી લાલ** | | ગૌરીશંકર પંડ્યા | |


19


**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪**

# એક આદિવાસી ગામની અર્થવ્યવસ્થા


અહેવાલ લેખન

**વિમલ શાહ**
**રાસ બિહારી લાલ**

ક્ષેત્રકાર્ય

રાસ બિહારી લાલ
ગૌરીશંકર પંડ્યા

કોષ્ટકીકરણ

ગૌરીશંકર પંડ્યા

નિર્દેશન

વિમલ શાહ



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર**
**ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪**

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪.

## આ વ કા ર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર સલાહકાર સમિતિની, પાછલા અહેવાલોને આખરી સ્વરૂપ આપીને પ્રકાશિત કરવાની ભલામણુ અનુસાર કેન્દ્રનો આ અહેવાલ સાયકલોસ્ટાઈલ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે છે. આદિવાસી વિકાસકાર્યોની સાથે સંકળાયેલા કાર્યકરો, વહીવટકારો, સંશોધકો, વિદ્યાર્થીઓ, તેના અભ્યાસીઓ તથા જે તે સમાજમાંથી કોઈકને પણુ પોતાની રીતે તેમાંથી કંઈક પણુ ઉપયોગી સામગ્રી જો મળી રહેશે તો તેના પ્રકાશનનો હેતુ બર આવ્યો લેખાશે. આ સંશોધન યોજનામાં ભાગ લેનાર સર્વ સંશોધકોને અભિનંદન આપું છું.

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪.

**ધીરુભાઈ મણિભાઈ દેસાઈ**
કુલનાયક

## પ્રાસ્તાવિક નોંધ

આદિવાસી ગામની અર્થવ્યવસ્થાનાં કેટલાંક પાસાંને આવરતો આ અહેવાલ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં આવેલા ભોરદા ગામમાં કેન્દ્ર તરફથી કરવામાં આવેલા ક્ષેત્રકાર્ય પર આધારિત છે. આ અહેવાલના મુસદ્દા પર ઉપયોગી સૂચનો કરવા બદલ કેન્દ્ર, આજીવન અગ્રણી આદિવાસી સેવક શ્રી ડાહયાભાઈ નાયક તેમજ એગ્રો-ઈકોનોમિક રીસર્ચ સેન્ટર, વલ્લભ વિદ્યાનગરના નિયામક ડૉ. વી. એસ. વ્યાસનું આભારી છે.

આ તપાસમાં કેન્દ્રને પૂરતો સહકાર આપવા બદલ, ભોરદા વાસીઓનો આભાર માનવાની પણ કેન્દ્ર આ તક લે છે.

સિધ્ધરાજ સોલંકી

કાર્યકારી નિયામક

## ૧. પ્રાસ્તાવિક :

આદિવાસી વિસ્તારોની દેવા વિષયક પરિસ્થિતિની તપાસ કરવાનું સૂચન પછાત વર્ગ કલ્યાણ ખાતા તરફથી ઘણા સમયથી થતું હતું. કેન્દ્રના મૂળ સંશોધન કાર્યક્રમમાં પણ એનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેથી એ પ્રશ્નની તપાસ હાથ ધરવાનું નક્કી કર્યું હતું. અને તેની પ્રાથમિક માહિતી એકત્ર કરવા માંડી હતી. આ માહિતી એકત્ર કરતાં રીઝર્વ બેન્કે હાથ ધરેલી આવી એક તપાસની નોંધ રાજ્યના અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના નિયામકશ્રીની કચેરીમાંથી મળી. ૧૯૬૨માં રીઝર્વ બેન્કે હાથ ધરેલી એક તપાસ ( All India Rural Debt and Investment Survey ) ના ભાગ રૂપે આ તપાસ હાથ ધરવામાં આવી હતી, અને ગુજરાતના આદિવાસી વિસ્તારોની દેવા વિષયક સ્થિતિનો ખ્યાલ તેમાંથી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આખા ગુજરાત રાજ્યને છ સરખા વિભાગોમાં વહેંચી નાંખી તેમાંના બે વિભાગો જે મુખ્યત્વે આદિવાસી વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા તે વિભાગોમાંથી રેન્ડમ પધ્ધતિએ ચૌદ ચૌદ ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં, અને પસંદ થયેલ દરેક ગામમાંથી રેન્ડમ પધ્ધતિએ ૪૦ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં. આમ ૧,૧૨૦ કુટુંબોની વિગતવાર તપાસ પરથી મળેલાં મહત્વનાં તારણો નીચે મુજબ છે :

૧. તપાસ કરેલ ૧,૧૨૦ કુટુંબોમાંથી ૮૭ ટકાનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. બાકીના ૧૩ ટકા બીજા વ્યવસાયોમાં રોકાયેલા હતા. આખા રાજ્યની આદિવાસી વસ્તીનું ૧૯૬૧ની વસ્તી ગણતરી વખતે વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ ૯૦.૨૭ ટકા વસ્તીને ખેતીમાં રોકાયેલ બતાવે છે, જ્યારે ૯.૭ ટકાને બીજા વ્યવસાયોમાં રોકાયેલ બતાવે છે.

૨. તપાસ કરેલા કુટુંબોની મિલકત પ્રમાણે વહેંચણી નીચે મુજબ હતી :

| | ટકા |
|---|---|
| ૧. રૂ.૫૦૦થી ઓછી મિલકત ધરાવતાં કુટુંબો | ૯.૧ |
| ૨. રૂ.૫૦૦થી ૧૦૦૦ની મિલકત ધરાવતાં કુટુંબો | ૮.૩ |
| ૩. રૂ.૧૦૦૦થી ૨૫૦૦ની મિલકત ધરાવતાં કુટુંબો | ૨૩.૯ |
| ૪. રૂ.૨૫૦૦થી ૫૦૦૦ની મિલકત ધરાવતાં કુટુંબો | ૨૬.૨ |
| ૫. રૂ.૫૦૦૦થી ૧૦૦૦૦ની મિલકત ધરાવતાં કુટુંબો | ૧૮.૪ |
| ૬. રૂ.૧૦૦૦૦થી ૨૦૦૦૦ની મિલકત ધરાવતાં કુટુંબો | ૮.૩ |
| ૭. રૂ.૨૦૦૦૦થી વધુ મિલકત ધરાવતાં કુટુંબો | ૫.૮ |
| | ૧૦૦.૦૦ |

૩. તપાસના વર્ષના અંતે (જૂન ૧૯૬૨ના અંતે) બાકી દેવું હોય તેવાં કુટુંબો કુલ કુટુંબોના ૭૨ ટકા હતાં, અને દેવાદાર કુટુંબોનું સરેરાશ દેવું કુટુંબદીઠ રૂ.૫૧૨ હતું.

૪. તપાસના વર્ષ દરમ્યાન જેમણે નાણાં ઉછીનાં લીધાં હોય તેવા કુટુંબોનું પ્રમાણ કુલ કુટુંબોના ૬૦.૩ ટકાનું હતું, તથા ઉછીના લેનાર દરેક કુટુંબે સરેરાશ ઉછીની લીધેલ રકમ રૂ.૩૦૦ની હતી.

૫. ઉછીની લીધેલ રકમનો ઉપયોગ નીચે મુજબ થયો હતો :

| ક્રમ હેતુ | રકમ ઉછીની લેનાર કુટુંબોનું પ્રમાણ(ટકા) | રકમ ઉછીની લેનાર કુટુંબદીઠ ઉછીની લીધેલ રકમ(રૂ.) | કુલ ઉછીની લેવાયેલ રકમમાં હેતુવાર પ્રમાણ (ટકા) |
|---|---|---|---|
| ૧ ૨ | ૩ | ૪ | ૫ |
| ૧.ખેતીમાં મૂડી રોકાણ | ૭.૦ | ૪૯૧ | ૧૫.૮ |
| ૨.ખેતીમાં ચાલુ ખર્ચ | ૧૨.૮ | ૩૦૩ | ૧૭.૮ |
| ૩.ખેતી સિવાયના ધંધામાં મૂડી રોકાણ | ૦.૧ | ૩૦૦૦ | ૧.૨ |
| ૪.ખેતી સિવાયના ધંધામાં ચાલુ રોકાણ | ૦.૪ | ૧૦૩૭ | ૨.૧ |
| ૫.ચાલુ ઘર ખર્ચ | ૫૩.૪ | ૨૪૯ | ૬૧.૬ |
| ૬.કોર્ટ કચેરીના કામ માટે | ૦.૨ | ૧૬૨ | ૦.૧ |
| ૭.જૂનું દેવું ભરપાઇ કરવા | ૦.૮ | ૨૭૧ | ૧.૦ |
| ૮.એકથી વધુ હેતુઓ માટે | ૦.૧ | ૧૦૯૧ | ૦.૪ |
| કુલ | ૬૦.૩ | ૩૬૦ | ૧૦૦.૦૦ |

કુલ કુટુંબોના જે ૬૦ ટકા કુટુંબોએ નાણાં ઉછીનાં લીધાં હતાં તેમાંના ૫૩ ટકા કુટુંબોએ ચાલુ ઘરખર્ચ માટે નાણાં લીધાં હતાં. એટલે કે આદિવાસી કુટુંબો માટે નાણાં ઉછીનાં લેવાનું સૌથી મોટું કારણ ચાલુ ઘર ખર્ચ છે. તેમનું પોતાનું ઉત્પન્ન એટલું ઓછું હોય છે કે તેમાંથી તેઓ માંડ પોતાનું ગુજરાન ચલાવી શકે છે, અને તેથી તેમને ચાલુ નિવાહ માટે નાણાં ઉછીનાં લેવાની ફરજ પડે છે, જે તેઓ પોતાની જંગલ મજૂરી વગેરેની ઇતર આવકમાંથી ભરપાઇ કરતા હોય છે. કુલ ઉછીની લેવાયેલ રકમ ૬૧ ટકા રકમ ઘર ખર્ચ માટે લેવાઇ છે, તે વસ્તુ પણ આ જ હકીકત પૂરવાર કરે છે. ખેતીમાં મૂડી રોકાણ કરવા માટે ૧૫.૮ ટકા, અને ચાલુ ખેતી ખર્ચ માટે ૧૭.૮ ટકા જેટલી રકમ ઉછીની લેવામાં આવી છે, અને એ રકમ ઉછીની લેનાર કુટુંબો કુલ કુટુંબોના અનુક્રમે ૭.૦ અને ૧૨.૮ ટકા જેટલાં કુટુંબો જ છે. તે વસ્તુ બતાવે છે કે ખેતી પાછળનું રોકાણ ઘણુ જ ઓછું છે. ખેતીમાં રોકાણ ઘણું ઓછું થાય છે તેથી ખેત ઉત્પન્ન ઘણું ઓછું મળે છે અને તેથી ચાલુ નિર્વાહ માટે પણ મોટા ભાગનાં કુટુંબોને દેવું કરવું પડે છે. આ વિષચક્રને તોડવા માટે ખેતી પાછળનું રોકાણ-મૂડી રોકાણ અને ચાલુ રોકાણ બંને વધારવું જોઇએ એ હકીકત આમાંથી સ્પષ્ટ તરી આવે છે.



૬. ઉછીનાં નાણાં નીચેનાં સ્થાનોમાંથી મળ્યાં હતાં.

| ક્રમ નાણાં આપનાર વ્યકિત કે સંસ્થા | નાણાં ઉછીનાં લેનાર કુટુંબોનું પ્રમાણ (ટકા) | નાણાં ઉછીનાં લેનાર કુટુંબોએ લીધેલ નાણાંની સરેરાશ રકમ (રૂ.) | દરેક સાધનનો આપેલ નાણાંમાં હિસ્સો (ટકા) | |
|---|---|---|---|---|
| ૧ ૨ | ૩ | ૪ | ૫ | |
| ૧. સરકાર | ૦.૫ | ૫૭૮ | ૧.૪ | |
| ૨.સહકારી મંડળીઓ | ૧૦.૨ | ૩૬૯ | ૧૭.૫ | |
| ૩.ખેડૂત શાહુકાર | ૨.૮ | ૨૯૬ | ૩.૮ | |
| ૪.ધંધાદારી શાહુકાર | ૪.૭ | ૩૭૨ | ૮.૧ | ૩૨.૫ |
| ૫. વેપારી | ૨૩.૦ | ૧૪૯ | ૨૦.૬ | |
| ૬. સગા સંબંધી | ૮.૯ | ૪૧૦ | ૧૫.૧ | |
| ૭.અન્ય | ૩૧.૯ | ૨૨૭ | ૩૩.૫ | |
| કુલ | ૬૦.૩ | ૩૬૦ | ૧૦૦.૦૦ | |

સહકારી મંડળીનો કુલ ધિરાણમાંનો ફાળો ૧૭.૫ ટકા છે, જયારે સહકારી મંડળીઓ-માંથી ધિરાણ મેળવનાર કુટુંબોનું પ્રમાણ કુલ કુટુંબોના માત્ર ૧૦.૨ ટકા જેટલું જ છે. સરકારી ધિરાણનું પ્રમાણ તો તદન ઓછું છે. આ વસ્તુ બતાવે છે કે આદિવાસી વિસ્તારોના ધિરાણ પર હજુ બિનસહકારી અને બિનસરકારી ધિરાણની પકડ જ મજબૂત છે. તેમાંય કાયદેસરનું ધિરાણ તો ધંધાદારી શાહુકાર મારફતે થાય છે તેને જ ગણી શકાય. બાકીનું બધું તો ગેરકાયદેસર જ ગણાય. એટલે કે વેપારી મારફતે થતું, ખેડૂત શાહુકાર મારફતે અને અન્ય તરીકે ગણાવેલું મળી કુલ ૫૮ ટકા જેટલું ધિરાણ તો એવા પ્રકારનું છે જેના પર કોઇ જાતનું નિયંત્રણ નથી.

૭. ધિરાણ મેળવનાર કુટુંબોની મિલકત પ્રમાણેની સ્થિતિ નીચે મુજબ છે :

| ક્રમ મિલકત જૂથ | ધિરાણ લેનાર કુટુંબોના ટકા | કુલ ધિરાણમાં એમનો હિસ્સો |
|---|---|---|
| ૧. રૂ.૫૦૦૦થી ઓછી મિલકત | ૩૭.૨ | ૧.૮ |
| ૨. રૂ.૫૦૦થી ૧૦૦૦ | ૩૨.૨ | ૨.૫ |
| ૩. રૂ.૧૦૦૦થી ૨૫૦૦ | ૫૫.૨ | ૧૦.૬ |
| ૪. રૂ.૨૫૦૦થી ૫૦૦૦ | ૭૬.૧ | ૨૫.૧ |
| ૫. રૂ.૫૦૦૦થી ૧૦૦૦૦ | ૬૯.૪ | ૨૨.૬ |
| ૬. રૂ.૧૦૦૦૦થી ૨૦૦૦૦ | ૫૪.૮ | ૧૫.૮ |
| ૭. રૂ.૨૦૦૦૦થી ઉપર | ૬૬.૧ | ૨૧.૬ |
| કુલ | ૬૦.૩ | ૧૦૦.૦૦ |

વધુ મિલકત ધરાવનાર કુટુંબોમાં ધિરાણ લેનારનું પ્રમાણ એકંદરે વધતું જાય છે. રૂ. ૧૦૦૦થી ઓછી મિલકત ધરાવનાર કુટુંબોમાં ધિરાણ લેનારનું પ્રમાણ બીજા બધા મિલકત જૂથો કરતાં ઓછું છે. તેથી ઓછી મિલકત ધરાવનાર કુટુંબોને ધિરાણની ઓછી જરૂર પડતી હશે એમ નહિ કહી શકાય. તેમને ઓછી મિલકત હોવાને કારણે ધિરાણ મેળવવામાં મુશ્કેલી પડતી હશે એમ પણ બનવું સંભવિત છે. મિલકત વધુ હોય તેને ધિરાણ સહેલાઇથી મળે એટલે એ જૂથોમાં ધિરાણ લેનારનું પ્રમાણ વધુ જણાય.

આ તપાસનાં ઉપર જણાવેલ તારણોને આધારે આદિવાસી વિસ્તારમાં પ્રવર્તતી દેવાં વિષયક સ્થિતિનો એકંદર ખ્યાલ આપણને મળી રહે છે. મોટા ભાગનાં કુટુંબોને ઘરખર્ચ માટે જ દેવું કરવું પડે છે, ખેતી માટે ઘણું ઓછું રોકાણ થતું હોય છે તથા જે કંઇ ધિરાણ કરવામાં આવે છે તેમાં સહકારી ધિરાણનો ફાળો ઘણો ઓછો છે આ જાણીતી હકીકતને તપાસથી પુષ્ટિ મળે છે. દેવાદાર કુટુંબદીઠ સરેરાશ બાકી દેવું રૂ.૫૧૨નું છે, પરંતુ દેવાદાર કુટુંબો તપાસ હેઠળના કુટુંબોના ૭૨ ટકા હોઇ કુલ કુટુંબોનું સરેરાશ દેવું કુટુંબદીઠ રૂ.૩૬૯ થાય છે. ગુજરાતની ૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ આદિવાસી કુટુંબોની સંખ્યા આશરે ૫ લાખ જેટલી થાય છે. તે ગણતરીએ આદિવાસી વિસ્તારનું એકંદર દેવું ૧૮.૫ કરોડ રૂપિયા જેટલું થાય છે.

માત્ર દેવાની દ્રષ્ટિએ જેટલી જાણકારી આપણે મેળવવા ઇચ્છીએ તે ઉપરોકત તપાસમાથી મળી રહે છે. તેથી તે અંગે ફરી તપાસ કરવાનું ઝાઝું પ્રયોજન રહેતું નથી.

પરંતુ આ પ્રશ્નને આમ અલગ કાઢીને જોવાને બદલે એકંદર આદિવાસી અર્થવ્યવસ્થામાં તેનું શું સ્થાન છે એ દ્રષ્ટિએ તપાસવાની પણ ઘણી જરૂર છે. આદિવાસી કુટુંબની આવકનાં શું સાધનો છે તથા દરેક સાધનનું પ્રમાણ શું છે, આ આવકનાં સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે કે કેમ, કા કાર્યક્ષમ ઉપયોગ માટે જોઇતું મૂડી રોકાણ તેમને મળે છે કે કેમ, ન મળતું હોય તો કેમ નથી મળતું, અને તે મળતું થાય તે માટે શું કરવું જોઇએ, એની જરૂરિયાતો કઇ કઇ અને કેટલી છે અને તે કેવી રીતે પૂરી કરે છે, તેમાં રોકડ રકમની તેમને કેટલી જરૂર પડે છે અને તે કેવી રીતે મેળવે છે, કઇ જરૂરિયાતો પૂરી કરવા માટે તેને દેવું કરવું પડે છે અને તે કોની પાસેથી મેળવે છે. ટૂંકમાં તેની આખી અર્થવ્યવસ્થાના સંદર્ભમાં દેવાના અને ધિરાણના પ્રશ્નોને ઝીણવટથી તપાસવાની જરૂર છે. દેવાનો બોજ હળવો છે કે ગંભીર તેનો આધાર કયા હેતુઓ માટે તેનો ઉપયોગ થાય છે તેના પર અવલંબે છે. ઉત્પાદક કાર્યો માટે કરેલું દેવું તેને ઉંચે ઉઠાવશે, બિનઉત્પાદક કાર્યો માટે કરેલું દેવું તેને નીચે પાડશે. ઉત્પાદક કાર્યો માટે દેવું કરીને પણ પૂરતું મૂડી રોકાણ કરશે તો બિનઉત્પાદક કાર્યો માટે તેને દેવું કરવાની જરૂર પડશે નહિ, અને ઉત્પાદક કાર્યો માટે પૂરતુ મૂડી રોકાણ કરવામાં નહિ આવે તો બિનઉત્પાદક કાર્યો માટે દેવું કર્યા વિના તેનો છૂટકો નહિ થાય. આ દ્રષ્ટિએ તેની વર્તમાન અર્થવ્યવસ્થામાં જરૂરી મૂડી રોકાણ કયાં અને કેવી રીતે વધારવું જરૂરી છે તેનો અભ્યાસ કરવાનાં હેતુસર એક તપાસ હાથ ધરાય તો તે ઘણી ઉપયોગી થઇ પડે. આવુ માનીને તપાસના સૂચિત હેતુઓમાં ફેરફાર કરીને મૂડી રોકાણની દ્રષ્ટિએ આદિવાસી અર્થવ્યવસ્થાનો અભ્યાસ એ હેતુ ખ્યાલમાં રાખીને આ તપાસ હાથ ધરવાનું નકકી કર્યુ છે. રીઝર્વ બેન્કની તપાસ હેઠળના કુટુંબોમાં



આપણે જોયું કે ૮૭ ટકા કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ૧૯૬૧ની વસ્તી ગણતરીમાં પણ જોવા મળે છે કે કુલ કામ કરનારના ૯૦ ટકા ખેતીમાં રોકાયેલા હતા. આવડી મોટી વસ્તી ખેતીમાં રોકાયેલ હોઇ તેમની ખેતી કેવી છે, ખેતીમાં પૂરતુ મૂડી રોકાણ થાય છે કે નહિ, નથી થતું તો કેમ નથી થતું, તથા તે થાય માટે શું કરવું જોઇએ, ખેતી માટે ધિરાણ કરનારી આજે કઇ વ્યવસ્થા છે, તથા તેમાં શું ફેરફારો જરૂરી છે, આજે જે ધિરાણ તેમને મળે છે તેનો શું ઉપયોગ થાય છે, તથા તેને ઉત્પાદક કાર્યોમાં વાળવા માટે શું કરવું જોઇએ, ખેતી ઉપરાંત આવકનાં બીજાં કયાં સાધનો છે, તથા તેમાંથી મળતી આવકમાં વધારો કરવા માટે શું કરવું જોઇએ વગેરે પ્રશ્નોના જવાબ આ તપાસ દ્વારા મેળવવાનો પ્રયત્ન કરવાનું વિચાર્યુ છે. એટલે કે સમગ્ર આદિવાસી અર્થવ્યવસ્થાને વધુ ગતિશીલ કેમ બનાવી શકાય તે ખોળવાનો પ્રયત્ન આ તપાસ દ્વારા કરવાનો ખ્યાલ રાખ્યો છે.

## ૨. પધ્ધતિ તથા સ્થળ પસંદગી :

આદિવાસી અર્થવ્યવસ્થાનો ઝીણવટભર્યો અભ્યાસ કરવાનો ખ્યાલ આ તપાસમાં રાખવામાં આવ્યો હોઇ સમગ્ર આદિવાસી વિસ્તારને પ્રતિનિધિરૂપ ગણી શકાય એવા જે ગામો પસંદ કરી તે ગામોમાં આ તપાસ હાથ ધરવાનું વિચાર્યુ છે. એ દ્રષ્ટિએ સમગ્ર આદિવાસી વિસ્તારને આ ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચી નાંખવા : ૧. ઉત્તર ગુજરાત ૨. મધ્ય ગુજરાત અને ૩. દક્ષિણ ગુજરાત. અને દરેક વિસ્તારમાંથી જંગલ વિસ્તારનું અને બિન જંગલ વિસ્તારનું એમ એક એક ગામ પસંદ કરવાનું વિચાર્યુ છે. એ રીતે કુલ છ ગામોનો વિગતે અભ્યાસ આ તપાસ હેઠળ કરવાનો ખ્યાલ છે. આશા છે કે આ છ ગામોનો અભ્યાસ સમગ્ર આદિવાસી વિસ્તારની અર્થવ્યવસ્થાને ગતિશીલ બનાવવાની દ્રષ્ટિએ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી શકશે.

તપાસ માટે મળી આવતા દફતરોનો ઉપયોગ, [illegible] તથા પ્રશ્નોત્તરી એ ત્રણ સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. પસંદ થયેલ ગામ નાનું હશે તો બધાં કુટુંબો અને મોટું હશે તો રેન્ડમ પધ્ધતિથી પસંદ કરેલાં ઓછામાં ઓછાં ૪૦થી ૫૦ કુટુંબો પાસેથી પ્રશ્નોત્તરી દ્વારા વિગતો એકઠી કરવામાં આવશે. તે ઉપરાંત ગામની અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલ સૌ મુખ્ય તત્વોની મુલાકાત લેવામાં આવશે. જેમ કે, મોટા ખેડૂતો, નાના ખેડૂતો, વેપારી, શાહુકાર, ગામ આગેવાન, ગામ સંસ્થાના હોદેદારો વગેરે. વિસ્તારના આગેવાનો અને અધિકારીઓની પણ મુલાકાત લેવામાં આવશે. આ ઉપરાંત પસંદ કરેલ ગામ અંગે તથા વિસ્તાર અંગેની માહિતી જે કંઇ ઉપલબ્ધ દફતર કે સાહિત્ય હશે તેમાંથી મેળવવામાં આવશે.

## ૩. પ્રશ્નોત્તરીની ચકાસણી :

આ તપાસ માટે તૈયાર કરેલી પ્રશ્નોત્તરી તથા તપાસના એકંદર ખ્યાલની ચકાસણી અર્થે છોટાઉદેપુર તાલુકાના ભોરદા ગામે એક પાયલોટ સર્વે કરવામાં આવ્યો હતો, તે સરવેના પરિણામો આ નોંધમાં આપવામાં આવ્યા છે. તે ગામના બધા કુટુંબોને તેમની માલિકીની જમીન વિસ્તાર અનુસાર ક્રમમાં ગોઠવી તેમાંથી ૧૬ કુટુંબોને વિભાગીય રેન્ડમ પધ્ધતિ (Stratified Random Supling) અનુસાર તપાસ માટે પસંદ કર્યા હતા. તપાસમાં લખેલી વિગતો ૧૯૬૬-૬૭ના

વર્ષની છે.

### ૪. ગામની સામાન્ય હકીકત :

ભોરદા છોટાઉદેપુર તાલુકાનું મધ્ય પ્રદેશની સરહદે આવેલું ગામ છે. છોટાઉદેપુરથી અલીરાજપુર જતી બસમાં મધ્યપ્રદેશમાં આવેલ ચાંદપુર ગામે કે ગુજરાતમાં આવેલ ફેરકુવા ગામે ઉતરી આ ગામે જવાય છે. ભોરદા ચાંદપુરથી ૩ કિલોમીટરને અંતરે આવેલું છે, જયારે ફેરકુવાથી ૫ કિલોમીટરને અંતરે આવેલું છે. અગાઉ આ ગામ અને તેની આજુબાજુનો વિસ્તાર અલીરાજપુર સ્ટેટની માલિકીનો હતો, પણ દેવા પેટે તે છોટાઉદેપુર રાજયને સુપ્રત કરવામાં આવ્યો હતો. અલીરાજપુરના ભીલાલા અને આ પ્રદેશના રાઠવા વચ્ચે ઘણું મળતાપણું છે. છતાં બંને જુદા નામે કેમ ઓળખાય છે તે હજુ જાણી શકાયું નથી.

ભોરદા નવ ફળિયામાં વહેંચાયેલું છે. ગામમાં ૧૫૮ કુટુંબો છે. ભોરદામાં બધી વસ્તી રાઠવા આદિવાસીઓની છે. ભોરદાની આજુબાજું જંગલ વિસ્તાર આવેલો છે. મહુડાના ઝાડનું પ્રમાણ આખા વિસ્તારમાં ઘણું મોટું છે. આ ઉપરાંત આંબો, જાંબુ, કરંજ, લીમડો વગેરે વૃક્ષો પણ સારા પ્રમાણમાં છે. મહુડાના ફૂલનો ઉપયોગ ખોરાક તરીકે તથા દારૂ બનાવવામાં થાય છે. તથા તેના ફળ જે ડોળી તરીકે ઓળખાય છે તેનો અખાદ્ય તેલ તરીકે સારો ઉપયોગ થતો હોઇ તેનું બજાર તુરત મળી રહે છે. સ્થાનિક લોકો ડોળી એકઠી કરી તેના વેચાણમાંથી સારી આવક મેળવે છે.

ભોરદામાં સરાસરી વરસાદ ૪૦ ઇંચ જેટલો પડે છે. તેના મુખ્ય પાક મકાઇ, જુવાર, અડદ, કુલથી, કોદરા તથા સામેલ છે. રોકડ પાક તરીકે મગફળીનું વાવેતર છેલ્લા થોડા વખતથી થવા માંડયુ છે.

ગામની ભાગોળમાંથી પસાર થતા એક નાના વહેળાનું પાણી પીવાના કામમાં તથા અન્ય કામોમાં લેવાય છે. છેલ્લા થોડા વર્ષોમાં પીવાના પાણીના સાત આઠ કૂવાઓ થયા છે, પણ કૂવાઓમાં પાણી બહુ હોતું નથી કે જેથી તેનો પીવા ઉપરાંત સિંચાઇ માટે ઉપયોગ થઇ શકે. પીવાના પાણી માટે પણ હજી અર્ધો અર્ધ ગામ વહેળાના પાણી ઉપર જ આધાર રાખે છે.

લોકોનો બધો આર્થિક વ્યવહાર અલીરાજપુર સાથે ચાલે છે. તેમની ખરીદી, વેચાણ પૈસાની લેવડ-દેવડ અલીરાજપુરના વેપારીઓ અને શાહુકારો સાથે ચાલે છે. ખરીદી તેમને મુખ્યત્વે બી માટે તથા ખાવા માટે અનાજની અને કાપડની કરવાની હોય છે, અને વેચાણ મહુડાનું, ડોળીનું તથા મગફળીનું કરવાનું હોય છે. ગામમાં ૧૯૬૦માં એક સહકારી મંડળી શરૂ થઇ હતી, અને તેણે ધિરાણ કરવાનું શરૂ કર્યુ હતું. પણ બે વર્ષમાં જ, તે વસુલાત ન આવવાના કારણે કામ કરતી બંધ થઇ ગઇ છે.



તપાસના વર્ષ દરમ્યાન દુકાળને લીધે ખેતી તદન નિષ્ફળ ગઇ હતી, તેમ છતાં મહુડા, ડોળી વગેરેની આવકને લીધે ભોરદા ગામના લોકો દુકાળનો સામનો સારી રીતે કરી શકયા હતા. અલબત મોટા ભાગનાને દેવું કરવું પડયું હતું. અને પોતાના ઘરેણાં પણ વેચવા માંડયા હતા, પણ તેમ કરીને પણ તેઓ દુકાળમાંથી પાર નીકળી આવ્યા હતા, તેનું મુખ્ય કારણ તેમની આ જંગલ પેદાશની આવક હતી. એ ન હોત તો એમની દશા આથી ઘણી વધારે ખરાબ થઇ હોત. એટલે કે જંગલ ઉપર તેમનો આધાર આજે પણ સારા પ્રમાણમાં રહેલો છે. એક રીતે કહીએ તો ખેતી કરતાં પણ જંગલનું સ્થાન તેમની અર્થવ્યવસ્થામાં આજે વિશેષ મહત્વનું છે.

તેમની ખેતી પ્રાથમિક દશાની છે, વર્ષોથી કરતા આવ્યા છે તેવી જ ખેતી આજે પણ કરે છે. એમાં ખાસ કોઇ સુધારા દાખલ થયા જણાતા નથી. અપવાદ તરીકે મગફળીનો પાક લેતા થયા છે, તેને એક સુધારો ગણી શકાય. તે સિવાય સારા બીનો ઉપયોગ, ખાતરનો ઉપયોગ કે સિંચાઇનો ઉપયોગ તેમની ખેતીમાં ન કરતા હોવાથી તેમનું ખેતી ઉત્પન્ન ઘણું કંગાળ હોય છે. દરેકની પાસે વત્તી ઓછી જમીન હોય છે, પણ સિંચાઇને અભાવ તેમજ સારા બી, ખાતરના અભાવે તેઓ તેમાંથી પોતાને ખાવા જેટલું અનાજ પણ કયારેય પકવી શકતા નથી, અને મહુડાં, ડોળી વગેરેને વેચીને તેમને અનાજ ખરીદવું પડે છે. આ સિવાય અન્ય મજૂરીની આવક જૂજ છે. તેમનું પશુપાલન મુખ્યત્વે ખેતી માટે જરૂરી બળદ મેળવવા પુરતુ છે. તેમાંથી દૂધ, ઘીનું ઉત્પન્ન મેળવવા તરફ તેમની દ્રષ્ટિ હોતી નથી. તેથી આ બંને પદાર્થોનો વપરાશ પણ નહિવત્ છે. શિકાર તેમજ મરઘાં ઉછેરમાંથી તેઓ તેમનો કેટલોક પૂરક ખોરાક મેળવી લે છે. એ રીતે જંગલના કંદનો ઉપયોગ અનાજની અછતના સમયમાં કરતા હોય છે. ખેતી અને જંગલની પેદાશ બંને મળીને તેમની આવક સામાન્ય સંજોગોમાં તેમની જરૂરિયાતો પૂરી પાડવા માટે પૂરતી થઇ રહેતી જણાય છે. વળી ખેતીમાં રોકાણ ઘણું ઓછું કરવામાં આવે છે. આ બંને કારણસર તેમને રોકડ નાણાંની ઓછી જરૂર પડતી હોય એવું જણાય છે. તેથી જૂના દેવાનું પ્રમાણ ગામમાં બહુ નજીવું જણાયું છે. દુકાળનું વર્ષ હોવાને કારણે તપાસના વર્ષ દરમ્યાન ઘણા કુટુંબોને દેવું કરવું પડયું છે. પણ મોટા ભાગનું દેવું ખાધાખોરાકીને કારણે જ કરવું પડયું છે. એ સિવાયના દેવાનું પ્રમાણ ઓછું છે.

હવે આપણે જે સોળ કુટુંબોની વિગતે તપાસ કરી છે, તેમની આર્થિક સ્થિતિ કેવી છે તે જોઇએ. તેના પરથી ગામની એકંદર સ્થિતિનો વધુ ચોકકસ ખ્યાલ આપણને મળી શકશે.

### ૫. તપાસ કરેલ કુટુંબોની વિગત :

તપાસ કરેલ કુટુંબો પાસે નીચે મુજબની જમીન છે. આખા ગામમાં જમીનની માલિકી જુદા જુદા કુટુંબો પાસે કયા પ્રમાણમાં છે તેની વિગત પણ સાથે આપી છે, જેથી ગામની એકંદર સ્થિતિ સાથે તપાસ હેઠળ લીધેલા કુટુંબોની સ્થિતિનું મળતાપણું પણ કેટલું છે તે જોઇ શકાય.

| ક્રમ | જમીનનું કદ | ગામનાં કુલ કુટુંબો | | તપાસ હેઠળનાં કુટુંબો | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ૧. | પાંચ એકર સુધીના | ૨૪ | ૧૫ | ૩ | ૧૯ |
| ૨. | પાંચથી દસ એકર સુધીના | ૫૭ | ૩૬ | ૫ | ૩૧ |
| ૩. | દસથી પંદર એકર સુધીના | ૩૨ | ૨૦ | ૧ | ૬ |
| ૪. | પંદરથી વીસ એકર સુધીના | ૨૩ | ૧૫ | ૪ | ૨૫ |
| ૫. | વીસથી પચ્ચીસ એકર સુધીના | ૧૪ | ૯ | ૨ | ૧૩ |
| ૬. | પચ્ચીસથી ઉપર | ૮ | ૫ | ૧ | ૬ |
| | કુલ | ૧૫૮ | ૧૦૦ | ૧૬ | ૧૦૦ |

તપાસ હેઠળનાં કુટુંબો પાસે સરેરાશ જમીનનું પ્રમાણ ૧૩ એકર જેટલું આવે છે. ગામનું સરેરાશ જમીનનું પ્રમાણ ૧૨ એકર જેટલું છે. ગામમાં એક પણ કુટુંબ જમીન વિનાનું નથી. દરેક પાસે થોડી વત્તી જમીન છે. એ જ રીતે દરેક કુટુંબ પાસે થોડાં વત્તાં મહુડાનાં ઝાડ છે. તપાસ હેઠળનાં બધાં કુટુંબો પાસે સરેરાશ ૨૨ મહુડાનાં ઝાડ આવે છે. મહુડાના ઝાડની સંખ્યા પ્રમાણે કુટુંબોની વહેંચણી તપાસીએ તો તે નીચે મુજબ છે.

| ક્રમ | ઝાડ સંખ્યા | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | દસ ઝાડ સુધી | ૫ | ૩૧.૦ |
| ૨. | અગીઆરથી વીસ | ૪ | ૨૫.૦ |
| ૩. | એકવીસથી ત્રીસ | ૩ | ૧૯.૦ |
| ૪. | એકત્રીસથી ચાલીસ | ૨ | ૧૨.૫ |
| ૫. | ચાલીસ ઉપર | ૨ | ૧૨.૫ |
| | કુલ | ૧૬ | ૧૦૦.૦૦ |

જમીન અને મહુડાના ઝાડને સીધો કોઈ સંબંધ હોય તેમ જણાતું નથી. ઓછી જમીનવાળા પાસે વધુ ઝાડ હોય અને વધુ જમીનવાળા પાસે ઓછાં ઝાડ હોય એવા દાખલાઓ પણ છે. તપાસનું વર્ષ દુષ્કાળનું હોઈ વધુ જમીનવાળા પણ ઓછા ઝાડવાળાની સ્થિતિ ઓછી જમીનવાળા પણ વધુ ઝાડ ધરાવતા કુટુંબોની સ્થિતિ કરતાં નબળી જણાય છે. આમ મહુડાનાં ઝાડ તેમની આર્થિક પરિસ્થિતિમાં નિર્ણયાત્મક ભાગ ભજવે છે. જુદી જુદી જમીન ધરાવતા કુટુંબો પાસે મહુડાનાં ઝાડની માલિકીનું પ્રમાણ નીચે મુજબ છે.



| ક્રમ | જમીન માલિકીનું જૂથ | કુટુંબ સંખ્યા | કુલ ઝાડની સંખ્યા | ઝાડની સરેરાશ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | પાંચ એકર સુધીના | ૩ | ૪૪ | ૧૫ |
| ૨. | પાંચથી દસ એકર | ૫ | ૧૧૦ | ૨૨ |
| ૩. | દસથી પંદર એકર | ૧ | ૬૦ | ૬૦ |
| ૪. | પંદરથી વીસ એકર | ૪ | ૮૧ | ૨૦ |
| ૫. | વીસથી પચ્ચીસ એકર | ૨ | ૨૮ | ૧૪ |
| ૬. | પચ્ચીસથી ઉપર | ૧ | ૩૩ | ૩૩ |
| | કુલ | ૧૬ | ૩૫૬ | ૨૨ |

તપાસ કરેલ સોળ કુટુંબોમાંથી દરેક પાસે પોતાનું ઘર છે. તેમાંથી ૧૨ કુટુંબો પાસે રહેવાના ઘર ઉપરાંત ઢોર રાખવાનું છાપરું પણ છે. બધા કુટુંબો પાસે બળદ છે. ૧૬ કુટુંબો પાસે બધુ મળીને ૫૬ બળદ છે. બેથી ઓછા બળદ એક પણ કુટુંબ પાસે નથી. બળદ હલકા પ્રકારના હોઇ વધુ સંખ્યામાં રાખવા પડે છે. ગાય, ભેંસ રાખતા કુટુંબોની સંખ્યા ૧૨ની છે. પણ તેમાંથી ભેંસ રાખતું કુટુંબ તો એક જ છે. બાકીનાં કુટુંબો પાસે ગાય છે. સોળમાંથી તેર કુટુંબો બકરાં રાખે છે. તેમાંથી જે કુટુંબો ગાય, ભેંસ નથી રાખતાં તે બકરાં તો રાખે છે. ૧૪ કુટુંબો મરઘાં ધરાવે છે. આમ પશુપાલનમાં જોઇએ તો ગાયનો ઉપયોગ બળદ માટે છે, દૂધ માટે બકરાં રાખવામાં આવે છે અને માંસાહાર માટે મરઘાં રાખવામાં આવે છે.

ખેતીનાં સાધનો જોઇએ તો ૧૬માંથી માત્ર ૨ કુટુંબો પાસે ગાડું છે. દરેક કુટુંબ પાસે એક કે એકથી વધુ હળ છે, ૧૩ કુટુંબો પાસે સમાર છે, ૪ કુટુંબો પાસે ઓરણી છે, એકેય કુટુંબ પાસે રાંપ કે રાંપડી નથી એટલે કે આંતરખેડનો રિવાજ જણાતો નથી. તે ઉપરાંત દરેક કુટુંબ પાસે પાવડા કોદાળી જેવાં નાનાં ઓજારો છે. સોળમાંથી માત્ર એક જ કુટુંબે ચાલુ વર્ષે ગ્રાન્ટ મળવાને લીધે કાચો કૂવો ખોદ્યો છે. તે સિવાય કોઇ કુટુંબ પાસે કૂવાનું સાધન નથી. આમ ખેતીનાં સાધનની દ્રષ્ટિએ જોઇએ તો બધા કુટુંબોની સ્થિતિ ઘણી પ્રાથમિક ગણી શકાય તેવી છે. સારાં ઓજારોની વાત તો બાજુએ રહી પણ ચાલુ ખેતી માટે પણ પૂરતાં ઓજારો નથી, તેમજ સિંચાઇનું કોઇ સાધન નથી.

ઘરવખરીની બાબતમાં પણ સ્થિતિ ઘણી પ્રાથમિક ગણાય તેવી છે. એક બે કાથીના ખાટલા દળવાની ઘંટી, માટીનાં વાસણો, એકાદ ફાનસ આ સિવાય એની ઘરવખરીમાં ભાગ્યે જ બીજું કંઇ જોવા મળે છે. આ ઉપરાંત એની મિલકતમાં ઘરેણાં મુખ્ય છે. દરેક કુટુંબ પાસે થોડા વત્તા પ્રમાણમાં ઘરેણાં હોય છે, પરંતુ આ વર્ષે દુકાળને કારણે ૧૬માંથી ૧૧ કુટુંબોને નિર્વાહ ચલાવવા માટે પોતાનાં ઘરેણાં વેચી દેવાં પડયાં છે. સોળમાંથી ૯ કુટુંબો સહકારી મંડળીના સભ્ય છે. પરંતુ સહકારી મંડળી નિષ્ક્રિય થઇ ગઇ હોવાથી એમના સભ્યપદનો હાલ કોઇ અર્થ રહયો નથી.

ખેતી :

સોળ કુટુંબોની ખેતીની તપાસ કરતાં જણાય છે કે મકાઇ, જુવાર, કોદરા, કુલથી, સામેલ વગેરે પાક ઉપરાંત બે સિવાયના બાકીનાં ચૌદ કુટુંબોએ થોડા વત્તા પ્રમાણમાં મગફળીનો પાક લીધો છે. મગફળીનો પાક તેમનો રોકડ પાક છે. બાકીના બધા પાકો તેમની ખોરાકની જરૂરિયાત માટે ઉગાડવામાં આવ્યા છે. દુકાળની પરિસ્થિતિ ચોમાસુ પૂરું થતાં ઊભી થઇ, પણ પાક ઉગાડતી વખતે તો વર્ષ સારું જશે એવી ધારણાથી જ બધું વાવેતર કર્યું હતું. એટલે તે સમયે તેમણે ખેતી પાછળ જે રોકાણ કર્યું હતું તે રોકાણની વિગતો તપાસીએ તો જણાય છે કે જેમની પાસે પોતાનું બી હતું તે સૌએ પોતાનું બી વાપર્યું હતું, અને જેમની પાસે નહોતું તેમણે બને ત્યાં સુધી સગાં-વહાલાંમાંથી કે છેવટ દુકાનદાર પાસેથી મેળવ્યું હતું. લગભગ બધું જ બી જેમને ખરીદવું પડયું હોય તેવાં ૧૬ કુટુંબોમાંથી માત્ર એક કુટુંબ હતું. બાકીના કુટુંબોમાંથી આઠ કુટુંબોને બહુ જ ઓછી ખરીદી કરવી પડી હતી. બીજાં સાત કુટુંબોને ૨૫ ટકા જેટલા બીની ખરીદી કરવી પડી હતી. એકંદરે વપરાયેલ બીનો ચોથો ભાગ ખરીદવામાં આવ્યો હતો. ખરીદેલ બી પણ ઉપર જણાવ્યું તેમ સગાં વહાલાં પાસેથી કે વેપારી પાસેથી ખરીદવામાં આવ્યું હોઇ તે સ્થાનિક બી હતું. સુધરેલા બીનો વપરાશ સદંતર થયો નહોતો. ખાતરના વપરાશની વિગતો જોઇએ તો જણાય છે કે દરેક કુટુંબે પોતાને ત્યાં થયેલ ઢોરના ખાતર સિવાય બીજા કોઇપણ ખાતરનો ઉપયોગ કર્યો નથી. છાણીયા ખાતરનો ઉપયોગ પણ ૧૬ કુટુંબો વચ્ચે ૪૦ ગાડી જેટલો થયો છે. એટલે કે કુટુંબદીઠ અઢી ગાડી ખાતર, અથવા પાંચ એકરદીઠ એક ગાડી ખાતર. ખાતરનું ઓછું ઉત્પન્ન થવાનું કારણ ઢોર આખો વખત જંગલમાં ફરતાં હોય છે, ઘરે બહુ જ ઓછો વખત રહેતાં હોઇ છાણીયા ખાતરનું ઉત્પન્ન ૮૦ જેટલી પશુ સંખ્યા હોવા છતાં માત્ર ૪૦ ગાડી થયું છે. આ સિવાય કુટુંબની મજૂરી ઉપરાંત ખેતીમાં બીજું કશું રોકાણ કરવામાં આવ્યું નથી. બીજા ખર્ચમાં ૫૯૦ રૂપિયાનું જમીન મહેસૂલ છે. એકરદીઠ અઢી રૂપિયા જમીન મહેસૂલ થાય છે. અહીંની જમીનનું ઉપજાઉપણું જોતાં જમીન મહેસૂલનો બોજો મોટો દેખાય છે. દા.ત. આ વખતના એકંદર ખેતી ઉત્પન્નના ૨૦ ટકા જેટલો તે બોજો થાય છે. જો કે આ વર્ષ દુકાળનું હોઇ ખેતી ઉત્પન્ન ઘણું ઓછું થયું છે. એકંદર ચાલુ ખેતી ખર્ચમાં તેનો હિસ્સો લગભગ ૨૮ ટકા જેટલો થાય છે.

આમ જોઇ શકીએ છીએ કે ખેતીની ઉત્પાદકતા ટકાવે કે વધારે એવું રોકાણ ખેતીમાં થતું નથી કે જેને પરિણામે ખેતી ઉત્પન્ન વધારી શકાય.

તપાસ હેઠળના વર્ષનું એકંદર ખેતી ઉત્પન્ન રૂ.૨૭૮૪નું થયું હતું. તેમાંથી રૂ.૨૦૬૫નું ઉત્પન્ન (૭૫ ટકા) વપરાશમાં લીધું હતું, જ્યારે રૂ.૭૧૯નું ઉત્પન્ન (૨૫ ટકા) બજારમાં વેચવામાં આવ્યું હતું. વેચાણ માટે મૂકાયેલું બધું ઉત્પન્ન મગફળીનું હતું. એકરદીઠ ઉત્પન્ન લગભગ રૂ.૧૨ જેટલું થાય છે. ખેતી માટે થયેલ ખર્ચ (બી વત્તા ખાતર વત્તા મહેસૂલ) એમાંથી બાદ કરીએ તો ચોખ્ખું ખેતી ઉત્પન્ન માત્ર ૬૩૯ રૂપિયા જેટલું રહે છે. એટલે કે એકરદીઠ રૂ.૩ ચોખ્ખું ઉત્પન્ન છે. કુટુંબદીઠ સરેરાશ ૧૩ એકર જમીન છે, તે જોતાં કુટુંબદીઠ ચોખ્ખું



ખેતી ઉત્પન્ન ૩૯ રૂપિયા જેટલું થાય છે. ૧૩ એકર જેટલી જમીન હોવા છતાં ખેતીનું ઉત્પન્ન આટલું બધું ઓછું આવે છે તેનું આ વર્ષ પૂરતું કારણ દુકાળનું ગણી શકાય, પણ ખેતી પાછળ જે રોકાણો કરવામાં આવે છે તે જોતાં સારા વર્ષમાં પણ એ ઉત્પન્ન કેટલું આવતું હશે તે સમજી શકાય એવું છે. ૧૬માંથી ૫ કુટુંબો તો એવાં છે કે જેમને ખેતીમાં કરેલું રોકાણ કુલ ઉત્પાદન-માંથી બાદ કરતાં એકંદર નુકસાન રહે છે.

ખેતી પછીની, મજૂરી આવકનું બીજું સાધન છે. આમાં જંગલ મજૂરી, રસ્તાની મજૂરી અને એવી બીજી પરચૂરણ મજૂરીનો સમાવેશ થાય છે. મજૂરીની ૧૬ કુટુંબોની આવક રૂ.૧૫૫૫ની છે, એટલે કુટુંબદીઠ સરેરાશ મજૂરીની આવક ૬૨ રૂપિયા થઇ. સોળમાંથી તેર કુટુંબોએ મજૂરી-ની આવક મેળવી છે. પશુપાલનની આવક તપાસીએ તો તેમાંથી એકંદર આવક ૮૧૭ રૂપિયાની થઇ છે, જેમાં ૩૯૦ રૂપિયા ખાતરની આવક છે. (જે ખાતર તેમણે પોતાના ખેતરમાં જ નાખ્યું છે એટલે એની કોઇ રોકડ આવક નથી) રૂ.૨૮૦નું ઉત્પન્ન વપરાશમાં લીધું છે, અને રૂ.૧૪૭ની રોકડ આવક વેચાણમાંથી થઇ છે. એટલે કુટુંબદીઠ પશુપાલનની આવક ગણીએ તો રૂ.૫૨ની થાય છે. ત્યાર પછી આવકનું બીજું મુખ્ય સાધન જંગલ પેદાશનું છે. જેમાં મહુડાનાં ફૂલ તથા ડોળી મુખ્ય છે. આમાંથી એમને એકંદરે રૂ.૫૭૨૮ની આવક થઇ છે. કુટુંબદીઠ રૂ.૩૫૮ની આવક થઇ છે. દુકાળનું વર્ષ હોવાથી ખેતી ઉત્પન્ન ઘણું ઓછું હોવા છતાં આ કુટુંબો પોતાનો નિર્વાહ ઠીક ઠીક પ્રમાણમાં કરી શકયા એનું મુખ્ય કારણ તેમની આ આવક છે. બધા જ કુટુંબોએ આ આવક મેળવી છે. મહુડાનાં કુલ ૩૫૬ ઝાડ આ કુટુંબો પાસે છે, અને જંગલ પેદાશની મોટા ભાગની આવક મહુડાના ઝાડમાંથી થઇ છે. એ જોતાં ઝાડદીઠ લગભગ રૂ.૧૬ની આવક થઇ છે. દુકાળના વર્ષમાં પણ મહુડાના ઝાડમાંથી થતું ઉત્પન્ન ધ્યાનમાં લેતાં આ વિસ્તારમાં તેનો વિકાસ કરવાની આવશ્યકતા આપોઆપ સમજાય છે. સિંચાઇની કોઇપણ સગવડ હોય નહિ અને ભવિષ્યમાં પણ થવાના સંજોગો ઓછા હોય તેવા વિસ્તારોમાં ખેતી વિકાસના બદલે જંગલ વિકાસ પર વિશેષ ધ્યાન આપવાથી લોકોની આર્થિક સ્થિતિ વધારે સંગીન બનાવી શકાશે એવું આ ગામના અભ્યાસ પરથી લાગે છે. આ સિવાયની બીજી આવકમાં એક કુટુંબે મેળવેલી ગાડાભાડાની રૂ.૩૦ની આવક છે. ૧૬ કુટુંબોની આવક બધી મળીને રૂ.૮૩૬૯ થાય છે. એટલે કુટુંબદીઠ રૂ.૫૨૩ થાય છે. આ કુટુંબોની વસ્તી કુલ ૧૦૪ માણસોની છે, તે જોતાં માથાદીઠ આવક રૂ.૮૦ થાય છે. જુદા જુદા સાધનોનો આ આવકમાં હિસ્સો તપાસીએ તો ખેતીમાંથી ૮ ટકા, મજૂરીમાંથી ૧૪ ટકા, પશુપાલનમાંથી ૧૦ ટકા, જંગલ પેદાશમાંથી ૬૮ ટકા આવક મળી છે. આમ એકંદર આવકમાં જંગલ પેદાશની આવકનો રહેલો મોટો હિસ્સો સ્પષ્ટપણે નજરે પડે છે. દુકાળનું વર્ષ હોવાથી ખેતીની આવકનો હિસ્સો ઘણો ઓછો થઇ ગયો છે તે સાચું, તેમ છતાં સિંચાઇના અભાવે અને ખેતીમાં થતું રોકાણ જોતાં તેનો હિસ્સો સારા વર્ષમાં પણ જંગલની આવક કરતાં વધવાની શકયતા ઓછી દેખાય છે. એટલે ખેતી વિકાસ જેટલું અથવા અહીંના સંજોગોમાં રહેલી ખેતી વિકાસની મર્યાદાઓ લક્ષમાં રાખતાં તેનાથી પણ વધુ [illegible] જંગલ વિકાસ પર આપવું જરૂરી જણાય છે. જંગલ પેદાશની જે આવક આદિવાસી કુટુંબોને થાય છે તેનું સઘળું વેચાણ અલીરાજપુર થાય છે, અને તે બધું રોકડે કરવામાં આવે છે, તથા તેમાંથી

મળેલી આવકમાંથી જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવે છે. સામાન્ય રીતે તેલ, ગોળ, મીઠું, મરચું, કાપડ, કેરોસીન વગેરે અનાજ સિવાયની બધી જરૂરિયાતો ડોળીના વેચાણમાંથી મળેલી રોકડ રકમ વડે પુરી કરવામાં આવે છે. દુકાળના વર્ષમાં તેમજ ઈતર વર્ષોમાં પણ અનાજની ખોટ પડે ત્યારે ડોળીના વેચાણમાંથી જ તે પૂરી કરવામાં આવે છે. પરંતુ સામાન્ય રીતે ખાવા માટેનું અનાજ તથા બી અલીરાજપુરના વેપારીને ત્યાંથી ઉછીનું લાવવામાં આવે છે. અને તે પાક થયે દોઢું ગણીને પાછું આપી દેવામાં આવે છે. આ વહેવાર વર્ષો વર્ષ ચાલે છે. તેમાં દુકાળનું વર્ષ આવે ત્યારે મુશ્કેલી ઊભી થાય છે, કારણ તે વર્ષમાં અનાજની જરૂરિયાત ઘણી વધી જાય છે, અને એટલે તેવા પ્રસંગોમાં ડોળીના વેચાણમાંથી મળેલી રકમનો ઉપયોગ અનાજ ખરીદવા માટે પણ કરવો પડે છે. વેપારીઓ આ ખેડૂતોને જોઈતું અનાજ કે બીજી ચીજવસ્તુઓ ઉધાર આપવા ખુશી હોય છે તેનું મુખ્ય કારણ તેમની ડોળીની આ આવક છે. બીજી કોઈપણ જામીનગીરીની તેમને ધિરાણ માટે જરૂર પડતી નથી. કારણ ડોળીની આવકમાંથી તેમનું ધિરાણ વસુલ થઈ જ જશે એની એમને ખાત્રી છે.

લાંબા ગાળાના રોકાણ તરીકે સાત કુટુંબોએ બળદ ખરીદી માટે તથા એક કુટુંબે કૂવો ખોદાવવા માટે રૂા.૧૨૪૫નું રોકાણ તપાસના વર્ષમાં કર્યું હતું. બળદની જરૂરિયાત પણ તેમના પોતાના પશુપાલનમાંથી થઈ રહેતી નથી અને તેથી તેમને બળદની ખરીદી કરવી પડે છે. તેમના પોતાના બળદ એટલા નબળા હોય છે કે તે ખેતીનો બધો બોજો ઊઠાવી શકતા નથી. કૂવો ખોદાવનાર કુટુંબને રૂા.૧૨૫ની ગ્રાન્ટ ખાનગી ટ્રસ્ટમાંથી મળતાં તેણે કાચો કૂવો પીવાના પાણીના ઉપયોગમાં જ આવી શકે તેમ છે, તેનો ખેતી કામમાં ઉપયોગ થઈ શકે તેમ નથી.

હવે આપણે તેમના ચાલુ ખર્ચની વિગતો જોઈએ. સોળ કુટુંબોનો કુલ ખોરાકી ખર્ચ (જેમાં માત્ર અનાજ અને કઠોળનો સમાવેશ કર્યો છે) રૂા.૭૧૦૯નો થયો છે. તેમાંથી રૂા.૧૧૮૮નું અનાજ તેમનું પોતાનું પકવેલું હતું, રૂા.૨૫૦નું અનાજ માલના બદલામાં મેળવ્યું હતું, અને રૂા.૧૨૨૩નું અનાજ ઉધાર ખરીદી કરીને મેળવવામાં આવ્યું હતું. આમ એકંદર અનાજ વપરાશમાં પોતાનું અનાજ ૧૭ ટકા હતું, જ્યારે ૩ ટકા માલના બદલામાં તથા ૬૨ ટકા રોકડ ખરીદી કરીને અને ૧૮ ટકા ઉધાર લાવવામાં આવ્યું હતું. જે ૬૨ ટકા રોકડ ખરીદી કરવી પડી તેમાંનો મોટો ભાગ દુકાળને કારણે હતો. ઉધાર લાવવામાં આવેલું અનાજ તો દર વર્ષે તે પ્રમાણે ઉધાર લાવવામાં આવતું હોય છે, અને પાક થતાં પાછું આપી દેવામાં આવે છે. આ ઉપરાંત ખાધા ખોરાકી માટે બીજો રૂા.૧૭૪૬નો ખર્ચ કરવામાં આવ્યો, જેમાં ૬૦૦ રૂા.નો સામાન પોતાનો જ ઉત્પન્ન કરેલો હતો. આમાં ઘરવપરાશમાં લીધેલ મહુડાં, દૂધ, ઘી તથા બકરાં અને મરઘાંનો સમાવેશ થાય છે. રૂા.૧૧૩૧નો સામાન રોકડ ખરીદીને લેવામાં આવ્યો છે. આમાં તેલ, ગોળ, ખાંડ, કેરોસીન, ચા, મીઠું, મરચું, શાકભાજી વગેરેનો સમાવેશ થાય છે. આમ બધું મળીને ખાધા ખોરાકી પાછળનો એકંદર ખર્ચ રૂા.૮૮૫૫નો થાય છે.



એટલે કે કુટુંબદીઠ રૂા.૫૫૩નો ખર્ચ થાય છે. આ સિવાય બીજા ખર્ચ રૂા.૧૧૧૪ કાપડનો અને રૂા.૨૬૦નો ઈતર ખર્ચ, જેમાં મુખ્યત્વે ભગત-ભૂવાનો ખર્ચ છે. આ સિવાય બીજો કોઈ ખર્ચ તપાસના વર્ષ દરમ્યાન કરવામાં આવ્યો નથી. દુકાળનું વર્ષ હોવાને કારણે સામાજિક પ્રસંગોની ઉજવણી થઈ નથી, અને તેથી તેનો ખર્ચ નથી. તે સિવાય સામાન્ય પણ બીજો કોઈ ખર્ચ તેમણે કરવાનો હોતો નથી. જે કંઈ બચત થાય તેનાં ઘરેણાં ખરીદવામાં આવતાં હોય છે. આ ઘરેણાં સામાન્ય સંજોગોમાં શરીરના શણગાર માટે ઉપયોગમાં આવે છે જેના તેઓ બહુ શોખીન છે. અને મુશ્કેલીના સમયમાં વાણિયાને ત્યાં નાણાં લઈ આવવા માટે જામીનગીરી તરીકે ઉપયોગમાં આવે છે. ૧૬ કુટુંબોનો એકંદર ખર્ચ રૂા.૧૦૨૫૯ થાય છે, એટલે કુટુંબદીઠ ખર્ચ ૬૪૧ રૂપિયા થાય છે. અગાઉ આપણે જોયું કે કુટુંબદીઠ આવક રૂા.૫૨૩ છે. એટલે તપાસના વર્ષ દરમ્યાન કુટુંબદીઠ રૂા.૧૧૮ની ખોટ પડી છે. કુટુંબવાર આ સ્થિતિ તપાસીએ તો ૧૬માંથી ૧૨ કુટુંબોને આવક કરતાં ખર્ચ વધારે થયેલ છે. જીવન ટકાવવા માટે અત્યંત જરૂરી ગણી શકાય તેવું આ કુટુંબોનું જીવનધોરણ હોવા છતાં ૧૨ કુટુંબોને તે ટકાવવા માટે પણ દેવું કરવું પડયું છે. તેનું મુખ્ય કારણ તપાસના વર્ષ દરમ્યાન પડેલ દુકાળ છે. જીવન જરૂરિયાતો એટલી ઓછી છે કે સામાન્ય સંજોગોમાં આ કુટુંબો પોતાનું ખર્ચ પોતાની આવકમાંથી જેમ તેમ કાઢી શકે છે. આવક અને ખર્ચની સમતુલા માંડ જળવાઈ રહે એવું એમનું જીવનધોરણ દુકાળના વર્ષમાં સારા પ્રમાણમાં હાલી ઊઠે છે, અને એ સમતુલા પાછી મેળવવા અગાઉના વર્ષોમાં ઘડાવેલાં ઘરેણાં ગીરવે મૂકવાં પડે છે કે વેચવાં પડે છે. તપાસના વર્ષ દરમ્યાન ૧૧ કુટુંબોને પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે ઘરેણાં વેચવાં પડયાં હતાં.

હવે આપણે તપાસ નીચેનાં ૧૬ કુટુંબોને રોકડ નાણાંની જરૂર કેમ પડે છે તથા તે કેવી રીતે મેળવે છે તે જોઈએ. ૧૬ કુટુંબોને કુલ રૂા.૧૦,૫૮ની રોકડ રકમની જરૂર પડી હતી તેમાંથી રૂા.૮૧૮૮ (૭૯ ટકા) ચાલુ ઘરખર્ચ માટે, ૯૦૦ રૂપિયા (૮ ટકા) ચાલુ ખેતી ખર્ચ માટે તથા ૧૩૭૦ રૂપિયા (૧૩ ટકા) મૂડી રોકાણ માટે હતા. ખેતી ખર્ચમાં આપણે જોયું કે મોટી જરૂર તો મહેસૂલ ભરવા માટેની છે. અને મૂડી રોકાણમાં મોટા ભાગની રકમ બળદ ખરીદી અંગેની છે. એટલે કે ખેતી ઉત્પન્નમાં વધારો કરી આપે એવું બહુ ઓછું રોકાણ એમાં છે. મોટા ભાગની જરૂરિયાત ઘરખર્ચ માટેની છે. એ કેવી રીતે મેળવવામાં આવે છે તે જોઈએ. રૂા.૭૩૧૪ ખેતી ઉત્પન્નના, પશુ ઉત્પન્નના તથા જંગલ પેદાશના વેચાણમાંથી તથા મજૂરીમાંથી મેળવવામાં આવે છે. જ્યારે બાકીની ખૂટતી રકમ ઉછીનાં નાણાં લઈને અને ઘરેણાં વેચીને મેળવવામાં આવી છે. આ રીતે તપાસના વર્ષ દરમ્યાન રૂા.૨૦૦૫નાં ઘરેણાં વેચવામાં આવ્યાં છે. તથા રૂા.૧૫૦૯ ઉછીના લેવામાં આવ્યા છે. ઉપર જોયું હતું તેમ ૧૧ કુટુંબોએ ઘરેણાં વેચીને તથા ૧૩ કુટુંબોએ નાણાં ઉછીનાં લઈને પોતાની જરૂરિયાતો પૂરી કરી છે. જે ૧૩ કુટુંબોએ નાણાં ઉછીનાં લીધાં હતાં તેમાંથી એક કુટુંબે ઉછીનાં લીધેલ નાણાં ચાલુ વર્ષમાં જ પોતાની આવકમાંથી વ્યાજ સાથે પાછાં વાળી દીધાં છે. એ કુટુંબની નાણાંની જરૂરિયાત ટૂંકા ગાળાની હતી. બાકીના ૧૨ કુટુંબોએ લીધેલ નાણાંમાંથી એક કુટુંબે પોતાનું અગાઉનું રૂા.૧૨૫નું દેવું ચૂકતે કરેલ છે.

તથા એક કુટુંબે રૂ. ૨૪ વ્યાજની રકમ ચૂકવેલ છે. વર્ષને અંતે આ કુટુંબોને માથે રૂ. ૧૭૬૨નું વ્યાજ સાથે દેવું બાકી છે. અગાઉનું દેવું કોઇ કુટુંબને બાકી નથી. ચાલુ વર્ષનું જ ૧૨ કુટુંબોનું આ બાકી દેવું છે. આમ તપાસ નીચેનાં કુલ કુટુંબોના ૭૫ ટકા કુટુંબો બાકી દેવાદાર છે. દેવાદાર કુટુંબદીઠ રૂ. ૧૧૦નું દેવું થાય છે. દેવાની બધી રકમ આઠ કેસોમાં અંગત જામીનગીરી પર અને ચાર કેસોમાં ઘરેણાં ગીરે મૂકી મેળવવામાં આવી છે. બધી રકમ અલીરાજપુરના વેપારી પાસેથી મેળવવામાં આવી છે. વ્યાજનો દર સામાન્ય રીતે ૨૫ થી ૩૦ ટકાનો છે, પણ એનું કોઇ મુકરર ધોરણ નથી. નાણાં લેનારની સ્થિતિ, ગરજ વગેરે પ્રમાણે વ્યાજની રકમ માગવામાં આવે છે. મહુડાની આવક સારી હોવાથી વેપારી પોતાનાં નાણાંની સલામતી જાણે છે, તેથી તે આ લોકોને જોઇએ ત્યારે અને જેટલાં જોઇએ તેટલાં નાણાં ધીરે છે. અત્યંત જરૂર વિના આ લોકો નાણાં ઉછીનાં લેવા નહિ આવે એવું પણ એ જાણે છે. તેથી તેના નાણાંની તેને ફિકર નથી.

સહકારી મંડળી મારફતે ધિરાણ કરવાની શરૂઆત ગામમાં કરવામાં આવી હતી. તપાસ હેઠળનાં ૧૬ કુટુંબોમાંથી ૯ કુટુંબો સભ્ય બન્યાં હતાં, તેમાંથી ૪ કુટુંબોએ તો નાણાં પણ સહકારી મંડળીમાંથી લીધાં હતાં. પણ એ નાણાં ખેતી કામ માટે મળતાં હોઇને તથા નાણાં મેળવવાની વિધિ લાંબી હોઇને સભાસદ કુટુંબોએ મંડળીમાંથી નાણાં લેવાનું બંધ કર્યું. વળી કેટલાક સભાસદોએ લીધેલ નાણાંની વસુલાત સમયસર ન આપવાને કારણે મંડળીએ પણ નવું ધિરાણ બંધ કર્યું. આમ સહકારી ધિરાણ પ્રવૃત્તિ તો ઉગતાં વેંત જ દબાઇ ગઇ.

આ ૧૬ કુટુંબોની વિગતવાર તપાસમાંથી નીચેનાં અનુમાનો કાઢી શકાય છે.

૧. ખેતીનું ઉત્પન્ન વધારવા માટે ખાતર, સારું બી, સારાં ઓજારો તથા પાણીનો ઉપયોગ કરવો આવશ્યક છે એ વાત આદિવાસી ખેડૂતોને પૂરી સમજાઇ નથી, અને તેથી તેઓ ખેતીમાં જરૂરી રોકાણ કરતા નથી. જ્યાં સુધી આ રોકાણની જરૂરિયાત તેમને સમજાશે નહિ ત્યાં સુધી તેમને ખેતી માટે ધિરાણ કરવાથી પણ ઝાઝો અર્થ સરશે નહિ.

૨. ખેતીમાં રોકાણ કર્યા વિના ખેતી ઉત્પન્ન વધારી શકાશે નહિ એ વાતની પૂરી પ્રતીતિ કરાવવા માટે ખેતી સુધારણાનો મોટો કાર્યક્રમ આ વિસ્તારમાં હાથ લેવાવો જોઇએ, અને ખેતી ઉત્પન્ન વધારવા માટે જરૂરી સાધન સામગ્રી અમુક સમય સુધી તદન મફત કે ઘણા નજીવા દરે તેમને આપવી જોઇએ.

૩. હાલમાં જે આદિવાસી વિસ્તારોમાં યોગ્ય નેતાગીરીને અભાવે સહકારી સંગઠન ઊભું નથી થઇ શક્યું ત્યાં ઉપરોક્ત કાર્યક્રમોની જવાબદારી થોડા સમય માટે બીજી કોઇ એજન્સીને આપવાનું વિચારવું જોઇએ. પંચાયત પણ આ જવાબદારી ઉપાડી શકે એમ લાગતું નથી. તેથી વેપારીઓને આ કામમાં લઇ શકાય કે કેમ તે વિચારવું જોઇએ. પોતાની બધી જરૂરિયાત માટે આજે આદિવાસીઓ વેપારીની દુકાને જ જાય છે, તો તેને



ત્યાંથી સારું બી, ખાતર, ઓજારો વગેરે પૂરાં પાડવાની વ્યવસ્થા કરવામાં આવે તો આ ચીજોનો વપરાશ વહેલો દાખલ કરી શકાય કે નહિ તે તપાસવું જોઇએ.

૪. ખેતી વિકાસની સાથે સાથે જંગલ વિકાસ પર પૂરતું ધ્યાન આપવું જરૂરી છે. જંગલમાંની એની આવક કુલ આવકના અર્ધાથી પણ વધારે છે. આ આવક કેવી રીતે વધારી શકાય તેનો પૂરતો ખ્યાલ થવો જરૂરી છે. તેના માલના વેચાણની સારી વ્યવસ્થા કરીને તે વધારી શકાય. જંગલ પેદાશનું સ્થાનિક રૂપાંતર કરીને પણ તેની રોજી અને આવક વધારી શકાય. મહુડાનાં નવાં વૃક્ષો ઉછેરવા માટે જરૂરી પ્રોત્સાહન આપવું જોઇએ.

૫. સહકારી સંગઠનનો પાયો મજબૂત કરવા માટે તથા ઉત્પાદક કાર્યો તરફ ધ્યાન ખેંચવા માટે આદિવાસી વિસ્તારમાં રોકડ નાણાંની ધીરધારના બદલે માલની લેવડ દેવડના સિદ્ધાંત પર બને એટલો વ્યવહાર ગોઠવવો જોઇએ. આદિવાસી જે કંઇ માલ વેચવા લાવે તે બજારભાવે ખરીદી લેવાની અને તેના બદલામાં તેને જોઇતો માલ સામાન આપવાની સહકારી દુકાનો દ્વારા વ્યવસ્થા કરીને આદિવાસી અર્થવ્યવસ્થા પર કાબુ મેળવવો જોઇએ તથા આદિવાસીને યોગ્ય રક્ષણ આપવું જોઇએ. તો જ ખેતીમાંનું રોકાણ વધારી શકાશે. હાલ જે રીતે આદિવાસી વિસ્તારોમાં ધિરાણ પ્રવૃત્તિ સહકારી મંડળીઓ દ્વારા વિકસાવાઇ રહી છે તેમાં યોગ્ય સંકલનના અભાવે જોખમ વધી રહ્યું છે, બાકીદારોનું વધતું પ્રમાણ તેની સાક્ષી પૂરે છે. આ સંજોગોમાંથી સહકારી પ્રવૃત્તિને બચાવવી હોય તો આદિવાસી વિસ્તારો પૂરતુ તેના માળખાને નવેસરથી વિચારવું જરૂરી છે.

૭/૫/૪૨